| | |
|---|---|
| **Headline:** IISL launches six corporate bond indices | |
| **Source:** Economic Times- Gujarati | **Date:** 24 March 2017 |

# IISLના છ કોર્પોરેટ બોન્ડ ઇન્ડેક્સનો પ્રારંભ

પીટીઆઇ

મુંબઈ

એનએસઈ ગ્રૂપની કંપની ઈન્ડિયા ઈન્ડેક્સ સર્વિસિસ એન્ડ પ્રોડક્ટ્સ લિમિટેડે 'AAA' રેટિંગ ધરાવતા બોન્ડના રિસ્ક રિવોર્ડને દર્શાવવા માટે છ કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ લોન્ચ કર્યા છે. નિફ્ટી 'AAA' કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ સિરીઝમાં વિવિધ પાકતી મુદતના બોન્ડના પાંચ ઈન્ડેક્સ અને એક કોમ્પોઝિટ ઈન્ડેક્સનો સમાવેશ થાય છે. AAA રેટિંગ ધરાવતા બોન્ડ હાઈ ક્રેડિટ ક્વોલિટી દર્શાવે છે અને તેમાં ડિફોલ્ટનો જોખમ રહે છે. આ પાંચ ઈન્ડેક્સમાં ૦.૫થી ૨ વર્ષની મુદતના નિફ્ટી AAA અલ્ટ્રા શોર્ટ ટર્મ કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ, બેથી ત્રણ વર્ષની મુદતના નિફ્ટી AAA શોર્ટ ટર્મ કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ, ૩થી ૫ વર્ષની મુદતના બોન્ડના નિફ્ટી AAA મિડિયમ ટર્મ કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ, પાંચથી દસ વર્ષના નિફ્ટી AAA લોંગ ટર્મ કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ અને ૧૦ વર્ષથી વધુ મુદતના નિફ્ટી AAA અલ્ટ્રા લોંગ ટર્મ કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સનો સમાવેશ થાય છે.